# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

**********************************************************

1) NDAના ધારાસભ્ય દળના નેતા નીતિશ કુમાર આજે 10મી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે છત્તીસગઢના અંબિકાપુરમાં જનજાતિ ગૌરવ દિવસની ઉજવણીમાં ભાગ લેશે

3) ભારતીય બંધારણના અનુચ્છેદ 143 હેઠળ રાષ્ટ્રપતિએ કરેલા સંદર્ભ પર સર્વોચ્ચ અદાલત આજે અભિપ્રાય આપશે.

4) ગોવામાં આજથી ભારતના આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ-2025નો આરંભ થશે.

5) ગાઝામાં ઇઝરાયલે કરેલા હવાઈ હુમલામાં 25 લોકોનાં મોત

6) ICCએ U-19 પુરુષ ક્રિકેટ વિશ્વ કપ 2026 માટેનું સમયપત્રક જાહેર કર્યું

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BIHAR NDA MEETING

જનતા દળ યુનાઇટેડના અધ્યક્ષ નીતિશ કુમાર આજે 10મી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ પટનાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં આજે સવારે સાડા 11 વાગ્યે યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવો આ કાર્યક્રમમાં હાજરી આપશે. નીતિશ કુમારને ગઈકાલે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન-NDAના વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા.

પટણામાં ગઠબંધનના પાંચ ઘટક પક્ષોના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની સંયુક્ત બેઠક દરમિયાન આ નિર્ણય લેવાયો હતો. તાજેતરમાં પૂર્ણ થયેલી રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં NDAએ 243 માંથી 202 બેઠકો જીતીને ભવ્ય વિજય મેળવ્યો હતો.

અગાઉ, ભાજપના નેતા સમ્રાટ ચૌધરીને પક્ષના ધારાસભ્ય દળના નેતા જ્યારે વિજય સિંહાને ઉપનેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા.

# PREZ - CHHATISGARH VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે જનજાતિ ગૌરવ દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે છત્તીસગઢના અંબિકાપુરની મુલાકાત લેશે.

વધુ માહિતી મેળવીએ અમારા રાયપુરના સંવાદદાતા પાસેથી..

(વોઇસ કાસ્ટ : VIKALP-SHUKLA)

# SC OPINION ON PRESIDENTIAL REFERENCE

ભારતીય બંધારણના અનુચ્છેદ 143 હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલા સંદર્ભ પર સર્વોચ્ચ અદાલત આજે પોતાનો અભિપ્રાય આપશે. જેમાં બંધારણીય રીતે નિર્ધારિત સમય મર્યાદાના અભાવે રાજ્ય વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા ખરડા પર કાર્યવાહી કરવા માટે રાજ્યપાલો પર સમય મર્યાદા લાદી શકાય છે કે કેમ તે અંગે સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય માગવામાં આવ્યો હતો.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ બી.આર.ગવઈની આગેવાની હેઠળની બંધારણીય ખંડપીઠે 11 સપ્ટેમ્બરના રોજ કેન્દ્ર તરફથી એટર્ની જનરલ આર. વેંકટરમણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતા તેમજ તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ, કર્ણાટક, તેલંગાણા, પંજાબ અને હિમાચલ પ્રદેશ સહિતના વિપક્ષ શાસિત રાજ્યો તરફથી 10 દિવસ સુધી મૌખિક દલીલો સાંભળ્યા બાદ પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. આ રાજ્યોએ રાષ્ટ્રપતિના સંદર્ભનો વિરોધ કર્યો હતો.

# NCDC-AMIT SHAH

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ-NCDC સહકારી સંસ્થાઓને સશક્ત બનાવવા અને તેમને નાણાકીય સહાય પૂરી પાડવા માટે એક મજબૂત માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે.

શ્રી શાહે ગઈકાલે નવી દિલ્હીમાં NCDCની 92મી સામાન્ય પરિષદ બેઠકને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું. શ્રી શાહે ખાંડ મિલો અને ડેરી ક્ષેત્રમાં

વર્તુળાકાર અર્થતંત્રને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેનો સીધો લાભ ખેડૂતોને થશે. તેમણે દેશની પ્રથમ સહકારી ટેક્સી સેવા શરૂ કરવામાં NCDCની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો, જેનાથી ડ્રાઇવરોને ઘણો ફાયદો થશે.

તેમણે ઉમેર્યું હતું કે નવી બહુ-રાજ્ય સહકારી સોસાયટીની નોંધણી કરવામાં આવી છે, અને ટેકનોલોજીકલ વિકાસ સાથે ડ્રાઇવર નોંધણી પ્રગતિ હેઠળ છે. શ્રી શાહે જણાવ્યું, છેલ્લા કેટલાક વર્ષોમાં NCDC દ્વારા સહકારી સંસ્થાઓને અપાતી નાણાકીય સહાય ચાર ગણી વધીને 95 હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ છે.

# PM SOUTH AFRICA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી 23 નવેમ્બર સુધી દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં 20મી G20 નેતાઓના સંમેલનમાં ભાગ લેશે. વૈશ્વિક દક્ષિણમાં આયોજિત આ સતત ચોથુ G20 સંમેલન હશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે સંમેલનમાં, પ્રધાનમંત્રી G20 એજન્ડા પર ભારતના દ્રષ્ટિકોણ રજૂ કરશે. પ્રધાનમંત્રી સંમેલનના ત્રણેય સત્રમાં ભાષણ આપે તેવી શક્યતા છે.

G20 નેતાઓના સંમેલનની સાથે, શ્રી મોદી જોહાનિસબર્ગમાં હાજર કેટલાક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરે તેવી પણ અપેક્ષા છે. તેઓ દક્ષિણ આફ્રિકા દ્વારા આયોજિત ભારત-બ્રાઝિલ-દક્ષિણ આફ્રિકા નેતાઓની બેઠકમાં પણ ભાગ લેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# IFFI 2025

**ભારતના આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ- IFFI 2025ની 56મી આવૃત્તિ આજથી ગોવામાં શરૂ થશે. આ વર્ષે પણ, IFFI એ સંયુક્ત રાષ્ટ્ર બાળકોના ભંડોળ-UNICEF સાથે ભાગીદારી કરી છે જેથી બાળપણના અનેક રંગોને પ્રેરણાદાયક, પડકારજનક અને પ્રેરણાદાયક વાર્તાઓ દ્વારા ઉજવી શકાય. આ વર્ષની આવૃતિમાં બે ભારતીય ફિલ્મોમાં તમિલ ફિલ્મ નિર્માતા દિનેશ સેલ્વરાજની ગીતાત્મક ફિલ્મ "કદલ કન્ની" એ કલ્પનાની ઉજવણી કરે છે જે બાળકોને મુશ્કેલીઓમાં પણ ટકાવી રાખે છે. જ્યારે અન્ય ફિલ્મ રાધેશ્યામ પીપલવાની "પુતુલ" છે જે સાત વર્ષની બાળકી પર આધારિત છે.**

**આ મહોત્સવ અંગે સાંભળીએ એક અહેવાલ..........**

**(V/C: NIKHIL-IFFI)**

# PALISTINIANS-KILLED

હમાસ નિયંત્રણ હેઠળના ગાઝામાં ઇઝરાયલના ચાર હવાઈ હુમલામાં 25 પેલેસ્ટિનિયનો માર્યા ગયા. તબીબી નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ગાઝા શહેરના ઉપનગર ઝેઇતુનમાં 10 લોકો, પૂર્વમાં શેજૈયા ઉપનગરમાં બે અને બાકીના દક્ષિણ ગાઝા પટ્ટીના ખાન યુનિસમાં બે અલગ અલગ હુમલામાં માર્યા ગયા હતા.

ઇઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે લગભગ છ અઠવાડિયા જૂના યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરીને પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથના સભ્યોએ તેના સૈનિકો પર ગોળીબાર કર્યા બાદ તેના દળોએ ગાઝામાં હમાસના લક્ષ્યો પર હુમલો કર્યો હતો.

# ICC-MEN'S U19

ક્રિકેટમાં, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ-ICCએ ICC U-19 પુરુષ ક્રિકેટ વિશ્વ કપ 2026 માટેનું મેચ સમયપત્રક જાહેર કર્યું છે, જે 15 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી 2026 દરમિયાન ઝિમ્બાબ્વે અને નામિબિયા દ્વારા સંયુક્ત રીતે યોજાશે. 41 મેચોમાં 16 ટીમો ભાગ લેશે. 6 ફેબ્રુઆરીએ હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે ફાઇનલ રમાશે.

પ્રારંભિક દિવસે ભારતનો મુકાબલો યુએસએ સામે, ઝિમ્બાબ્વેનો મુકાબલો સ્કોટલેન્ડ સામે અને તાંઝાનિયાનો મુકાબલો વેસ્ટ ઇન્ડીઝ સામે થશે. આ સ્પર્ધા ઝિમ્બાબ્વે અને નામિબિયાના પાંચ સ્થળોએ રમાશે.

# AUSTRALIA OPEN

બેડમિન્ટનમાં, ભારતીય શટલરો, લક્ષ્ય સેન અને એચએસ પ્રણોય સિડની ખાતે ઓસ્ટ્રેલિયન ઓપન સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પુરુષ સિંગલ્સના બીજા રાઉન્ડમાં પહોંચ્યા. પેરિસ ઓલિમ્પિક્સ 2024 સેમિફાઇનલમાં પહોંચેલા લક્ષ્યે ચાઇનીઝ તાઈપેઈના સુ લી-યાંગને 21-17, 21-13ના સ્કોરલાઇનથી હરાવીને આગલા રાઉન્ડમાં પ્રવેશ કર્યો.

પ્રણોયે ઇન્ડોનેશિયાના યોહાનેસ સૌત માર્સેલિનોને 6-21, 21-12, 21-17 થી હરાવ્યા. ભૂતપૂર્વ વિશ્વ નંબર 1 શ્રીકાંતે ચાઇનીઝ તાઈપેઈના લી ચિયા-હાઓને 21-19, 19-21, 21-15 થી હરાવીને રાઉન્ડ ઓફ 16 માં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

- નીતિશ કુમાર આજે બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે-મોટા ભાગના તમામ અખબારોએ આ સમાચારને પ્રથમ પાને છાપ્યા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે, નીતિશ કુમાર **NDA**ના નેતા તરીકે ચૂંટાયા,રેકોર્ડ 10મી વખત શપથ લેશે.
- ડિઝિટલ ડેટા લીક અંગેના સમાચાર પણ આજના મોટા ભાગના અખબારોમાં પહેલા પાને જોવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારે હેડલાઇન બનાવતા લખ્યું, 350 કરોડ યુઝર્સના પાસવર્ડ,ઇમેઇલ લીક થતાં હોબાળો.
- ગુજરાતનાં છ જિલ્લાના ખેડૂતો માટે આજથી 8ને બદલે 10 કલાક વીજળી- સંદેશે આ સમાચાર છેલ્લા પાને છાપ્યા છે.
- રાજ્યના વાતાવરણ અંગે ફૂલછાબ લખે છે-પૂર્વ દિશાથી પવન ફૂંકાતા ગુજરાતમાં ઠંડીમાં બ્રેક લાગશે
- રમતગમત સમાચારોમાં રણજી ટ્રોફીમાં ઉત્તરાખંડ સામે ગુજરાતનો વિજય, બેડમિન્ટનમાં લક્ષ્ય,પ્રણોય અને શ્રીકાંતની આગેકૂચ સહિતના સમાચારો પણ જોવા મળી રહ્યા છે.